ઝોન કક્ષાના ગણિત વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શન 2022-23 માં પ્રથમ સ્થાન મેળવનાર

# કિસાન માધ્યમિક વિદ્યાલયના પ્રોજેક્ટની રાજ્ય કક્ષાએ પસંદગી

જી.સી.ઈ.આર.ટી ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન વલાસણ (આણંદ) , સી.સી.પટેલ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર વલ્લભ વિદ્યાનગરના સંયુક્ત ઉપક્રમે આયોજિત ઝોન કક્ષાના ગણિત વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શન 2022-23 (આણંદ,પંચમહાલ,ખેડા,મહીસાગર,વડોદરા,છોટાઉદેપુર,દાહોદ) એ.પી.વિદ્યાલય બોચાસણ તાલુકો બોરસદ જીલ્લો આણંદ મુકામે તારીખ 19/01/2023 થી તારીખ 20/01/2023 સુધી યોજાઈ ગયું . આ ઝોન કક્ષાના ગણિત વિજ્ઞાન પ્રદર્શનમાં આશરે 70 જેટલા પ્રોજેક્ટ રજૂ કરવામાં આવ્યા હતા .

કિસાન માધ્યમિક વિદ્યાલય લુણાવાડાના વિજ્ઞાન પ્રવાહના બાળકો દ્વારા બનાવેલ પ્રોજેક્ટ "સ્માર્ટ સિસ્ટમ " તાલુકા અને જીલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી ઝોન કક્ષાના ગણિત વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શન માં રજૂ કરવામાં આવેલ હતો જ્યાં ઝોન કક્ષાએ પણ આ પ્રોજેક્ટ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે . આ પ્રોજેક્ટ શાળાના ભૌતિકવિજ્ઞાન શિક્ષક શ્રી નિરવકુમાર ત્રિવેદી ના માર્ગદર્શન હેઠળ બાળ વૈજ્ઞાનિકો ધ્રુવ મહેશભાઇ પટેલિયા તેમજ સચિન કિશોરભાઈ ભોઈ દ્વારા તૈયાર કરવામાં આવેલ છે. આ પ્રોજેક્ટ શૈક્ષણિક ક્ષેત્રે ખૂબ જ ઉપયોગી પુરવાર થાય તેમ છે.

ઝોન કક્ષાના ગણિત વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શનમાં પ્રથમ સ્થાન મેળવનાર આ પ્રોજેક્ટ હવે રાજ્ય કક્ષાના ગણિત વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શન માં લુણાવાડાની કિસાન માધ્યમિક વિદ્યાલયનું પ્રતિનિધિત્વ કરશે.

ઓ.કે.સી.સંકુલના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ એવા શાળા સંચાલક મંડળના પ્રમુખ શ્રી મૌલિકભાઈ પટેલ , કિસાન માધ્યમિક વિદ્યાલયના આચાર્ય શ્રી હિતેશકુમાર પટેલ તેમજ સમગ્ર ઓ.કે.સી.સંકુલ પરિવાર દ્વારા બાળ વૈજ્ઞાનિકો તેમજ માર્ગદર્શક શિક્ષકશ્રીને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

